### થરાદ ખાતે વડાપ્રધાનશ્રીના હસ્તે જળ વ્યવસ્થાપનના રૂ. ૮૦૩૪ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને જાહેરાત

# ઉત્તર ગુજરાતને ઉત્તમ ગુજરાત બનાવીશું : મોદી

## મોરબી દુર્ઘટનાથી વ્યથિત બનેલા વડાપ્રધાને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી રોડ શો અને સ્વાગત સહિતના કાર્યક્રમો રદ કર્યા : વાઇબ્રન્ટ બોર્ડર વિલેજ યોજનાથી નડાબેટ જેવા ગામોને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનો સંકલ્પ વ્યક્ત

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતેથી રૂ.૮૦૩૪ કરોડના વિવિધ પ્રોજેકટનું ખાતમુહૂર્ત અને જાહેરાત કરી હતી. મોરબીની દુર્ઘટનાથી વ્યથિત બનેલા વડાપ્રધાને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા રોડ શો અને સ્વાગત સહિતના કાર્યક્રમો રદ કરી પ્રજા કલ્યાણના વિકાસ કામોનું સાદગીપૂર્ણ રીતે ખાતમૂર્હત કર્યુ હતું. આ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું કે, ગુજરાત આજે શોકમાં ડૂબેલુ છે. દેશવાસીઓ પણ ખૂબ દુ:ખી છે. મોરબીમાં બનેલી દુર્ઘટનામાં પોતાના પરિવારજનો, સ્વજનો, નાના ભૂલકાં ગુમાવ્યા છે એ પિડીત પરિવારજનો સાથે આપણી સૌની સંવેદનાઓ છે. મા અંબાની ધરતી પરથી લોકોને આશ્વાસન આપતા કહ્યું હતું કે, રાહત અને બચાવ કામમાં કોઈ કસર રાખવામાં નહિ આવે. ભૂપેન્દ્રભાઈ અને એમની સરકારના મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ રાહત બચાવમાં જોડાયેલા છે. પ્રધાનમંત્રીએ ભાવુકતા સાથે કહ્યું કે, પોતે દુવિધામાં હતા કે, થરાદ જવું કે નહીં પરંતુ લોક કલ્યાણના કામો હોઈ અને સેવાધર્મના સંસ્કારોથી બંધાયેલા હોઈ મન મજબૂત કરીને આવ્યો છું.






થરાદ બનાસકાંઠા અને ઉત્તર ગુજરાત માટે પાણી કેટલું મહત્વનું છે એમ જણાવતા વડાપ્રધાને જળ પ્રકલ્પના આ ૮૦૦૦ કરોડના વિકાસકામોથી ઉત્તર ગુજરાતના ૬ જિલ્લા અને ૧૦૦૦ કરતા વધારે ગામોમાં ૨ લાખ હેકટર કરતા વધુ જમીનને સિંચાઈની સુવિધાનો લાભ મળવાનો છે. ગુજરાતની ખમીરવંતી પ્રજા મુસીબતોનો સામનો કરી પરસેવો પાડી પરિણામ મેળવવાનો પ્રયત્ન કરે છે, બનાસકાંઠા જિલ્લો એનું જીવંત સાક્ષી છે એમ ઉમેરી ખેતી, પશુપાલન, ડેરી, બાગાયત, સિંચાઈ સહિતની વિવિધ યોજનાથી બનાસકાંઠાનો વિકાસ થઈ રહ્યો હોવાનું જણાવી ખેડૂતોને સમૃદ્ધ કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી હોવાનું ઉમેર્યુ હતું. "કિસાન સન્માન નિધિ""વનધન યોજના" ખેડૂતોને બેંક લોન સહિતની યોજનાઓથી ખેડૂતોની આર્થિક સધ્ધરતા વધે એવા પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવ્યા છે એમ જણાવી ખાતરના ભાવોની અસમાનતાથી મૂંઝવણમાં રહેતા ખેડૂતોની મૂંઝવણના અંત માટે તેમજ ખેડૂતોનો પાક પીળો ન પડી જાય એ માટે હવેથી ફર્ટિલાઈઝર ભારત ના નામે આપવામાં આવશે અને ખાતરની જે બોરી ૨૦૦૦ રૂપિયાથી વધુ કિંમતની છે એ ૨૬૦ રૂપિયામાં ખેડૂતોને આપવામાં આવશે એમ કહ્યું હતું. બનાસકાંઠા પશુપાલન આધારિત જિલ્લો છે ત્યારે દૂધની સાથે સાથે પશુઓના ગોબરમાંથી પણ ખેડૂતો પશુપાલકો કમાઈ કરી શકે એ માટે "ગોબર ધન" યોજના અમલી બનાવવામાં આવશે એમ જણાવી સાત્વિક ખાતર અને પ્રાકૃતિક ખેતી પર ભાર મુકવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

બનાસકાંઠાના નડાબેટમાં સીમા દર્શનથી સરહદના ગામોને કેવી રીતે જીવંત કરી શકાય એનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે." વાઈબ્રન્ટ બોર્ડર વિલેજ" યોજનાથી આવા ગામોને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનો સંકલ્પ વ્યકત કરતા જિલ્લવાસીઓને ભુજના" શહીદ સ્મૃતિ વન"ની એકવાર મુલાકાત કરી ભૂકંપમાં માર્યા ગયેલા શહીદો પરિવારજનોને સાંત્વના પાઠવવા સંવેદના સાથે જણાવ્યું હતું.

## ગુજરાત સરકાર પર માનવવધનો ગુનો દાખલ કરો: શંકરસિંહ વાઘેલા

મોરબી,તા.૩૧

મોરબી પૂલ દુર્ઘટના મામલે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અસરગ્રસ્તોને સાંત્વના પાઠવી હતી. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે મોરબીની હોનારતએ માનવસર્જીત હોનારત છે. આથી હાઈકોર્ટે સુઓ મોટો લઈ તપાસ કરવી જોઈએ. તેમજ લોકોને મોતના કુવામાં કોને ધકેલ્યા તે મામલે ઊંડી તપાસ થવી જોઈએ અને કશૂરવારો તથા ગુજરાત સરકાર પર માનવવધનો ગુનો દાખલ થવો જોઈએ. તેવી શંકરસિંહ વાઘેલાએ માંગ ઉઠાવી છે. ગઈકાલે મોરબીમાં બનેલી ગોઝારી દુર્ઘટનાએ ગુજરાત સહિત સમગ્ર દેશના લોકોને વ્યથિત કર્યા છે. મોરબીનો ઝૂલતો પુલ તૂટતા ૪૦૦થી વધુ લોકો મચ્છુ નદીમાં ખાબક્યા હતા. જેમાં અત્યાર સુધી ૨૫થી વધુ બાળકો સહિત ૧૪૧થી વધુના મોત થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે આ મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. મોરબીની દુર્ઘટનાને લઈને રાજ્ય આખું ધ્રુજી ઉઠ્યું છે. ત્યારે મોરબી દુર્ઘટનાને લઈને વિપક્ષ આક્રમક બન્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના રાજીનામાની માંગ કરી છે. સાથે જ તેમણે સુપ્રીમ કોર્ટના નિવૃત જજ પાસે નિષ્પક્ષ અને સમય બદ્ધ તપાસની પણ માંગ કરી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેરાએ જણાવ્યું કે, લાલ બહાદુર શાસ્ત્રીએ એક રેલ દુર્ઘટનામાં રાજીનામુ આપી દીધું હતું. ગુજરાતના મુખ્યમંત્રી રાજીનામું આપી રહ્યા છે કે તેમને કાઢવામાં આવી રહ્યા છે અમે એ જાણવા માંગીએ છીએ. કોની જવાબદારી છે આ રાજયની? કોણ જવાબદારી લઈ રહ્યા છે ગુજરાતના લોકોની જિંદગીની? શું આ કંપની પાસે સંચાલન અને રીપેરિંગનો અનુભવ છે?

## અટલ બ્રિજની એક સાથે ૩૦૦૦થી વધારે મુલાકાત નહીં લઈ શકે

અમદાવાદ,તા.૩૧

મોરબીની દુર્ઘટનાને લઈ હવે અમદાવાદના અટલ બ્રિજમાં મુલાકાતીઓની સંખ્યાને લઈ મનપાએ એક મોટો નિર્ણય કર્યો છે. હવેથી એકસાથે ૩૦૦૦થી વધારે લોકો સાબરમતી નદી ઉપર બનાવાયેલ અટલ બ્રિજની મુલાકાત નહીં લઈ શકે. રિવરફ્રન્ટ ખાતે ખુલ્લો મુકવામાં આવેલા અટલ ફૂટ ઓવર બ્રિજ પર મોટી સંખ્યામાં લોકો મુલાકાત લઈ રહ્યાં છે. ઘણી વખત તો બ્રિજ પર પગ મુકવાની પણ જગ્યા નથી હોતી ત્યારે મોરબી જેવી દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ ? જેના ગણતરીના કલાકોમાં જ તંત્ર દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે.

## રાંદેસણમાં ખોડીયાર માતાજીના ફુલોના ગરબાના દર્શન માટે ભાવિકોની ભીડ

ગાંધીનગર તા ૩૧

રાંદેસણમાં ખોડીયાર માતાજીના ફુલોના ગરબા છેલ્લા ૫૦૦ વર્ષથી કરવામાં આવે છે. ગામમાં કોઈપણ પરિવારમાં પ્રથમ પુત્રનો જન્મ થાય ત્યારે માતાજીના ગરબાની માનતા પુરી કરવામાં આવે છે. ખોડીયાર માતાજી રાંદેસણ ગામની ગામટોડાની માતા છે. જયારે ગ્રામજનો દ્વારા સંતાન પ્રાપ્તિ તેમજ સારા નરસા તમામ પ્રસંગે માતાજીના ફુલોનો ગરબો તેમજ ચાંદીના સત્તરની પણ માનતા રાખવામાં આવે છે. જયારે દરવર્ષે દિવાળીના દિવસે માતાજીના દર્શન કરવા માટે ગ્રામજનો સહીત આસપાસના વિસ્તારના ભાવિકો ઉપરાંત દેશ વિદેશથી પણ દર્શનાર્થીઓ આવે છે. જયારે દિવાળીના દિવસે રંગબેરંગી રોશનીની ભવ્ય સજાવટ પણ કરવામાં આવે છે. જયારે આ દરમિયાન નામી કલાકારો દ્વારા માતાજીના ભજન ગરબા સહીતનો ધાર્મિક કાર્યક્રમ પણ રજુ કરવામાં આવે છે. જયારે આ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકો ગરબામાં જોડાય છે. જયારે દિવડાઓની દિવ્ય રોશનીથી ગામમાં અનોખો ઉજાસ પથરાય છે. નાના મોટા સૌ કોઈ દર્શન કરીને ધન્યતા અનુભવે છે. રાંદેસણ ગામના અગ્રણી શંકરસિંહ એસ ગોહીલના જણાંવ્યા મુજબ હાલ પણ ભવ્ય ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે રોજબરોજ મોટી સંખ્યામાં ભાવિકો દર્શનનો લાભ લઈ રહ્યા છે.



### કંપની સમાચાર

## ફ્યુઝન માઈક્રો ફાઈનાન્સ લિમિટેડ - આઈપીઓ ૨ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલશે

અમદાવાદ, તા.૩૧

ફ્યુઝન માઈક્રો ફાઈનાન્સ લિમિટેડ(“એફએમએલ” અથવા “કંપની”)એ ૨ નવેમ્બર, ૨૦૨૨ને બુધવારે એનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે. આઈપીઓમાં ૬,૦૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ (“ફ્રેશ ઈશ્યૂ”) અને ૧૩,૬૯૫,૪૬૬ ઈક્વિટી શેરના વેચાણની ઓફર (“ઓફર”) સામેલ છે. એક્ર રોકાણકાર બિડિંગની તારીખ ૧ નવેમ્બર, ૨૦૨૨ને ગુરુવાર રહેશે. ઓફર ૪ નવેમ્બર, ૨૦૨૨ને શુક્રવારે બંધ થશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ ૩૫૦થી ૩૬૮ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૪૦ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૪૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફરમાં દેવેશ સચદેવ દ્વારા ૬૫૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણ; મિની સચદેવ દ્વારા ૧૦૦,૦૦૦ ઈક્વટીના વેચાણ, હની રોઝ ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડ દ્વારા ૧,૪૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણ; ક્રિએશન ઈન્વેસ્ટમેન્ટ્સ ફ્યુઝન દ્વાર ૧,૪૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણ; ઓઈકોક્રેડિટ ઈક્યુમેનિકલ ડેવલપમેન્ટ કોઓપરેટિવ સોસાયટી યુ.એ. દ્વારા ૬,૬૦૬,૩૭૫ ઈક્વિટી શેરના વેચાણ અને ગ્લોબલ ઈમ્પેક્ટ ફંડ્સ, એસ.સી.એ, એસઆઈસીએઆર દ્વારા ૩,૫૩૯,૦૯૧ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે.

## ગ્લોબલ હેલ્થ લિમિટેડનો આઈપીઓ ૦૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલશે

અમદાવાદ, તા.૩૧

બ્રાન્ડ ‘મેદાન્તા’ અંતર્ગત પાંચ હોસ્પિટલો (ગુરુગ્રામ, ઈન્દોર, રાંચી, લખનૌ અને પટણા) અને એક નિર્માણાધિન હોસ્પિટલ (નોઈડામાં)નું નેટવર્ક ધરાવતી ગ્લોબલ હેલ્થ લિમિટેડ (“કંપની”) ૦૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ એનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ-૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ ૩૧૯થી ૩૩૬ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુતમ ૪૪ ઈક્વિટી શેર અને પછી ૪૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. આઈપીઓમાં ૫,૦૦૦.૦૦ મિલિયન સુધીના ફ્રેશ ઈશ્યૂ અને વિક્રેતા શેરધારકો દ્વારા ૫૦,૭૬૧,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ હશે. વિક્રેતા શેરધારકોમાં ધ કાર્લાઈલ ગ્રૂપની સંલગ્ન કંપની અનંત ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા ૫૦,૬૬૧,૦૦૦ ઈક્વિટી શેર અને સુનિલ સચદેવા (સુમન સચદેવા સાથે સંયુકતપણે) ૧૦૦,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ હશે. કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ફંડનો ઉપયોગ એની બે પેટાકંપનીઓ જીએચપીપીએલ અને એમએચપીએલમાં રોકાણ માટે, આ પેટાકંપનીઓની ૩,૭૫૦.૦૦ મિલિયન સુધીની વિવિધ લોનની આંશિક કે સંપૂર્ણ પુનઃચુકવણી/આગોતરી ચુકવણી માટે ડેટ કે ઈક્વિટી શેર સ્વરૂપે કરવાનો ઈરાદો ધરાવે છે. નેટ ઈશ્યૂમાંથી પ્રાપ્ત બાકીની રકમનો ઉપયોગ સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે થશે.

### બ્રિજ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે, તે દરેક માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે. ટ્રેન પસાર થવાની હોય તે સમયગાળામાં અહીં વાહનોની રીતસરની લાઈનો લાગે છે અને ફાટક ખુલવાની સાથે ટ્રાફિક જામ થવાની વાત સામાન્ય બની ગઈ છે. ત્યારે ઓવરબ્રિજ બાંધવામાં આવે તો આ ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ઉકેલ થઈ જશે.

એક ઓવરબ્રિજના બાંધકામ પાછળ સરેરાશ રૂપિયા ૫૦ કરોડના ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો છે. પરિણામે ચાર બ્રિજ માટે રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચ થવાનો છે. જે આશરે પોણો કે એક કિલોમીટર આસપાસની લંબાઈ ધરાવતા હશે. એક સાથે ચાર ફાટક પર ઓવરબ્રિજની આ યોજના ગુજરાત સરકાર અને ભારત સરકારના રેલ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે ફાટક મુક્ત ગુજરાત નામની યોજના અમલી કરવામાં આવી છે જયારે આ યોજના અન્વયે ઓવર બ્રિજ તૈયાર કરવાની યોજના હાથ ધરવાનો નિર્ણય લેવાતા ટ્રાફિક ની સમસ્યાનો પણ હલ થશે.

### કામોને મંજૂરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની આ બેઠકમાં શહેરમાં ભેળવવામાં આવેલ ઝુંડાલ અને અમિયાપુરના સ્મશાનગૃહોના નવિનીકરણને મંજૂરી આપવામાં આવી છે.

સ્થાયી સમિતિએ પ્રિન્ટીંગ અને છાપકામ અંગેનું ટેન્ડર રદ કરી નવેસરથી તે બહાર પાડવાની સૂચના આપી છે.

શહેરમાં ઈલેકટ્રીક ઉપકરણો માટે પણ જે ટેન્ડર આવ્યુ હતુ તે મંજૂર કરવામાં આવ્યુ છે. સ્થાયી સમિતિએ ૧૦૦૦ નંગ નાની સાઉન્ડ સિસ્ટમ સભ્યો માટે ખરીદવાનો નિર્ણય કર્યો છે. મનપાની હદમાં આવેલ વિવિધ સ્મશાનગૃહોમાં અંતિમવિધિ માટેના દર અંગેના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે. ૨૫૦ નંગ કાઉન્સીલરો માટે મોટી સાઉન્ડ સિસ્ટમ ખરીદવાના ટેન્ડરને પણ બહાલી આપવામાં આવી છે.

### આવક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂટમાં વધારાની બસ સેવા પુરી પાડવામાં આવે છે. જેમાં ટ્રાફિકને ધ્યાનમાં લઈ વધારાની બસ સેવાનુ સંચાલન કરવામાં આવે છે. આ દિવાળી દરમિયાન પણ એસ ટી ડેપો દ્વારા કુલ ૨૪૪ નવી ટ્રીપો દોડવામાં આવી હતી જયારે આ ટ્રીપના આધારે રાજકોટ , ઉના, દાહોદ ઝાલોદ અને સાવરકુંડલા સહીતના રૂટમાં કુલ ૧૨૯૬૮ મુસાફરોએ બસ સેવાનો લાભ લીધો હતો. જેના અંતે એસ ટી ડેપોએ વધારાની કુલ ૧૨.૫૯ લાખની આવક મેળવી છે. એસ ટી ડેપો દ્વારા વર્ષ દરમિયાન લગ્નવર્ધી , સરકારી કાર્યક્રમો તેમજ ધાર્મિક આયોજનો માટે પણ બસો ફાળવવામાં આવે છે. જેના લીધે એસ ટી ડેપોને વધારાની આવક પણ થાય છે. હોળી ધુળેટીના તહેવારની જેમ દિવાળી દરમિયાન પણ એસ ટી ડેપોમાં ટ્રાફિક વધી જાય છે જેને અનુલક્ષીને ડેપો દ્વારા પ્રતિવર્ષ વધારાની બસ દોડાવામાં આવે છે. એસ ટી ડેપો વધારાની બસ સેવાના આધારે તગડી આવક પણ મેળવે છે. ત્યારે ડેપો સંકુલમાં પણ મુસાફરલક્ષી સુવિધાઓ વધુ અપગ્રેડ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જયારે બે દાયકાના અંતે પણ એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીનો પ્રશ્ન પણ હજુ યથાવત છે.

### વધી રહ્યો છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો ગાંધીનગર તાલુકામાં ૨.૮૨ ટકા, દહેગામમાં ૩.૬ ટકા, કલોલમાં ૮.૮ ટકા અને માણસામાં ૨.૯૫ ટકા નોંધાયો છે. દહેગામ તાલુકામાં ધો. ૫ પછી શાળા છોડી જનાર કન્યાઓનો દર ચિંતાજનક છે.

૨૦૧૭માં ધો. ૧ થી ૮ માં ડ્રોપઆઉટ રેસિયો ૩.૩૯ ટકા, ૨૦૧૮-૧૯માં ૩.૭૦ ટકા, ૨૦૧૯-૨૦માં ૧.૮૪ ટકા અને ૨૦૨૦-૨૧માં ૧.૫૬ ટકા નોંધાયો હતો.

જિલ્લામાં શિક્ષણનો વ્યાપ વધારવાના પ્રયાસો વચ્ચે જે રીતે કન્યાઓનો ડ્રાપઆઉટ રેસિયો વધી રહ્યો છે તેને લઈ તંત્રને ચિંતા છે ખરી પણ અહિ જિલ્લાકક્ષાએ ઉચ્ચ અધિકારીઓએ જે રસ લેવો જોઈએ તેમાં તે ઉણા ઉતર્યા છે.

બેટી બચાવો બેટી પઢાઓ યોજનાની સમીક્ષા થાય પણ વધતા જતા ડ્રોપઆઉટ રેસિયાને લઈ તંત્ર મૌન સેવી રહ્યુ છે. જિલ્લામાં મહિલા અધિકારીઓના હાથમાં સુકાન હોવા છતાં કોઈ નવતર અભિગમ સાથેની રણનીતિ હજુ સુધી તૈયાર કરવામાં આવી નથી એટલુ જ નહિ આ અંગે સમીક્ષાઓ પણ કરવામાં આવી નથી.

જિલ્લામાં જે રીતે ડ્રોપઆઉટ રેસિયાની હકીકતો બહાર આવી છે તેણે શિક્ષણપ્રેમીઓના હ્રદયને હચમચાવી દીધુ છે.

### ટ્રેન શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભ પણ મેળવે છે. ત્યારે રેલવે યાત્રિકોને અનુલક્ષી સ્ટેશન વિસ્તારથી શહેર સુધી જરૂરી વાહન સેવા પુરી પાડવા માટે યોગ્ય આયોજન કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ ગાંધીનગર સ્ટેશનને નવા વર્ષમાં એક નવી ટ્રેઈન સેવા મળશે. રેલવે રાજય મંત્રી દર્શનાબેન જરદોશીના પ્રયાસથી વલસાડ વડનગર ટ્રેઈન શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. વલસાડ વડનગર રૂટની આ ટ્રેઈન સવારે ૬ કલાકે વલસાડથી ઉપડશે અને સવારે ૧૧ વાગ્યે ગાંધીનગર પહોંચશે જયાં સ્ટેશન પર માત્ર બે મિનીટના રોકાણ બાદ ટ્રેઈન રવાના થશે જયારે વડનગરથી પણ સાંજે ૪ વાગ્યે આ ટ્રેઈન ઉપડીને સાંજે ૬ વાગ્યે ગાંધીનગર પહોંચશે જેના લીધે વલસાડ વડનગર વચ્ચેના રૂટમાં જવા માટે રેલયાત્રિકોને અનુકુળતા રહેશે ગાંધીનગરના રેલવે યાત્રિકોને પણ આ ટ્રેઈન સેવાનો લાભ મળશે. આ તબક્કે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ નવી ટ્રેઈન સેવા ઉપલબ્ધ કરવાની જાહેરાતને આવકારી રેલવે મંત્રી તેમજ વિભાગનો આભાર વ્યકત કર્યો છે. તેમણે આ તબક્કે વધુમાં જણાંવ્યુ હતુ કે શહેર વસાહત મહામંડળના સે-૧૩ વસાહત મંડળમાં કાર્યરત પોસિયા , મયુર વ્યાસ, પ્રદીપ સોલંકી સુધીર વ્યાસ સહીતના પદાધિકારીઓએ આ ટ્રેઈન શરૂ કરવા માટે અગાઉ રજુઆત કરી હતી. જયારે છેલ્લા ઘણાં સમયથી સ્ટેશન પર વધુ ટ્રેઈનો લંબાવવા માટેની રજુઆતને પણ ન્યાય મળે તેમ પણ જણાંવ્યુ હતુ. હાલ વાયા કલોલ થઈને દોડતી વિવિધ ટ્રેઈનને ગાંધીનગર થઈને દોડાવામાં આવે તો સ્થાનિક રેલ યાત્રિકો તેમજ અન્ય અપડાઉનકર્તાઓને પણ તેનો લાભ મળે જેથી આ મામલે પણ યોગ્ય વિચારણા હાથ ધરી કેપિટલ સ્ટેશનને વધુ ટ્રેઈન સેવા મળી રહે તેવુ આયોજન કરવા માટે પણ જણાંવાયુ છે.

### આત્મનાદ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જોડાણ શરૂ કરવામાં આવ્યું છે. ગિફ્ટ સિટીમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક કક્ષાની બેક્રીંગ સુવિધા અને સંસ્થાઓ છે, જે કલસ્ટર માટે આર્થિક સદ્ધરતા, સહયોગ અને વ્યવસાયિક તકો માટે ઉદ્યોગકારોને સહાયક બનશે. આ સાથે મેરીટાઈમ એજ્યુકેશનની એક પ્રિમિયર સંસ્થા ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી પણ ગિફ્ટ સિટીમાં બનવાની છે. રાજ્યમાં કાર્ગો પરિવહનના મહત્વપૂર્ણ બંદર એવા નવલખી બંદર ખાતે રૂ.૧૯૨ કરોડના ખર્ચે ૪૮૫ મીટરની લંબાઈની નવી જેટી નિર્માણ પામી રહી છે. નવલખી સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું અને મીઠા, કોલસા તથા સિરામિક, મશીનરી ઉદ્યોગોના માલ-સામાન પરિવહન માટેનું મહત્ત્વનુ બંદર છે. આ બંદરની વર્તમાન માલ-પરિવહન ક્ષમતા ૮ મીલિયન મેટ્રીક ટન પ્રતિવર્ષની છે, તેને ભવિષ્યમાં વધારીને ૨૦ મિલિયન મેટ્રીક ટન પ્રતિવર્ષ કરવાનું રાજ્ય સરકારનું નક્કર આયોજન છે. સાગરમાલા યોજના અન્વયે જેટીના કામો માટે રૂ. ૪૧.૩૦ કરોડની સહાય આપવામાં આવી છે.

ગુજરાતમાં ઐતિહાસિક સ્થળ લોથલ ખાતે રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલનું નિર્માણ કરવા માટે પારસ્પરિક સહયોગના ઉદ્દેશથી કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલય તેમજ સાંસ્કૃતિક મંત્રાલયે સમજૂતી કરાર કર્યા છે. આ કરારથી દેશના સમુદ્રી ઈતિહાસ અને સાગરકાંઠાની પરંપરા પ્રદર્શિત કરવામાં આવશે. દેશમાં આ પ્રકારનું પ્રથમ નિર્માણ હશે જે ભારતના સમુદ્રી વારસાને સંપૂર્ણ સમર્પિત હશે. આ સંકુલ અમદાવાદથી ૮૦ કિલોમીટર દૂર લોથલની એએસઆઈ સાઈટની નજીકમાં ઉભુ કરવામાં આવશે. આ જગા આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળ બની જગતભરના સહેલાણીઓને આકર્શીત કરશે. ધોળાવીરાની જેમ લોથલ પણ વિશ્વના નકશામાં ઉભરી આવે તે માટે કેન્દ્ર અને ગુજરાત સરકારે તૈયારીઓ આરંભી દીધી છે.

બંદરોના ઈતિહાસની તુલના કરવામાં આવે ત્યારે ગુજરાતનો ગર્વભેર ઉલ્લેખ કરવો પડે. ઈતિહાસકારોના મતે દુનિયાનું સૌથી પહેલું સમુદ્રી બંદર લોથલમાં બાંધવામાં આવ્યું હતું. ઈ.સ.પૂર્વે ૨૩૦૦ની આસપાસના સમયમાં લોથલ એ બંદર ઉપરાંત સુનિયોજીત નગર હતું. પૂર અને કુદરતી આફતો સબંધિત સમસ્યાઓનો ગહન વિચાર સાથે તેની રચના કરવામાં આવી હતી. લોથલમાં પ્રાપ્ત થયેલા પૌરાણિક પુરાવાઓના આધારે કહી શકાય તેમ છે કે, અહીં જાહેર સ્વચ્છતાનો પૂરો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. સ્નાનખંડોનું ગંદુ પાણી ગટર મારફતે ખાળકૂવામાં વહી જતું હોવાના નક્કર ઈજનેરી પુરાવા મળ્યા છે. આ પરંપરા આજે પણ પૌરાણિક ગામડાઓમાં જોવા મળે છે. એ સમયે ડોકયાર્ડની શોધના કારણે વિશ્વભરના ઈતિહાસકારોમાં લોથલ ચર્ચાનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. અમદાવાદથી ૮૦ કિલોમીટર દૂર દક્ષિણ પૂર્વમાં લોથલની સાઈટ છે.

એવું કહેવાય છે કે કુદરતી આપત્તિઓ સામે બચવા માટે માનવી તરફથી દર્શાવવામાં આવેલી તાકાત એટલે લોથલનો ઈતિહાસ. ઈસવીસન ૨૪૦૦ થી ૧૬૦૦ સુધીના કાળખંડમાં આ નગરીનો ઈતિહાસ વહેંચાયેલો હોવાનું અનુમાન છે. મોરહેન્જો દડો અને હરપ્પા પછી સિંધુ સભ્યતાનું આ સૌથી મોટું નગર હતું. સાબરમતી નદીના પાણી ખંભાતના અખાતમાં થઈને અરબી સમુદ્રને મળતા હતા. ઈતિહાસમાં નોંધાયેલું છે કે, લોથલ બંદરેથી દુનિયાભરમાં વિવિધ દેશોમાં માલસામાનની મોટાપાયે હેરફેર થતી હતી. આઝાદીના અમૃત કાળમાં ગુજરાતે સાધેલી અનેક ક્ષેત્રોમાં ઉડીને આંખે વળગે એવી બાબતોમાં રાજ્યના સાગર કાંઠે થયેલા અદભુત વિકાસની નોંધ ન લઈએ તો તે અવશ્ય કઠે.

**ધબકાર :**

સાગરની લહેરો મનની કલ્પના માટેની પ્રેરણા, આત્માના શાશ્વત આનંદ અને વિકાસની અસીમ સંભાવનાઓનો અદભુત પ્રદેશ છે.

### મૃત્યુઆંક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઘટના પર રાત્રે પણ નજર રાખવામાં આવી હતી. આ પુલની કામગીરી સંભળનારી એજન્સી સામે ક્રિમિનલ ૩૦૪, ૪૦૮, ૧૧૪ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી છે. મોરબી મચ્છુ નદી પર બનેલો ઝુલતા પુલનું સમારકામ ચાલતું હોવાથી તેને બંધ રાખવામાં આવ્યો હતો. પરંતુ નવા વર્ષથી તેને ફરી ખુલ્લો મુકાતા મોટી સંખ્યામાં સહેલાણીઓ તેની મુલાકાત લેવા માટે પહોંચ્યા હતા. આ પુલની રચના પ્રજાવત્સલ રાજા સર વાઘજી ઠાકોર દ્વારા કરવામાં આવી હતી, ૨૩૩ મીટર લાંબો પૂલ ૪.૬ મીટર પહોંળો છે. આ પુલનો ઉપયોગ દરબારગઢથી લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજને જોડતો હતો. મોરબી નગરપાલિકા દ્વારા આ પુલની મેઈન્ટેનન્સ અને રિપેરિંગની જવાબદારી ૧૫ વર્ષ માટે ઓરેવા ટ્રસ્તને સોંપવામાં આવી હતી. આ દુર્ઘટના અંગે જાણ થયા બાદ સ્થાનિક અને સ્પેશિયલ ટુકડીઓ બચાવ કામગીરીમાં લાગી ગઈ હતી જેમાં ગરુડ સ્પેશિયલ પોર્સ યુનિટી, જામનગરના કમાન્ડિંગ ઓફિસર વિંગ કમાન્ડર ચંદ્રશેખર તથા ભૂજના ગરુડ સ્પેશિયલ ફોર્સ યુનિટના કમાન્ડિંગ સ્ટાફ સાથે રાજકોટમાં ઘાયલોની મદદ માટે ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. જે કમિટીની રચના કરી છે તેના દ્વારા તપાસ શરુ કરી દેવામાં આવી હોવાનું હર્ષ સંઘવી દ્વારા જણાવવામાં આવ્યું છે, અને તેમણે જણાવ્યું કે તેઓ હાલ અહીં જ છે અને રેસ્ક્યુ ઓપરેશનનું કામ પૂર્ણ થયા બાદ તમામ વિગતો જણાવ્યા બાદ જ અહીંથી રવાના થશે.